## ગુજરાતી ધોરણ : 8 પ્રથમ સત્ર

## પાઠ – 18 માંડી અમારી વાત એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫

....................................................................................................

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'માંડી અમારી વાત...' એકમમાં કયા બે મહાકાવ્યોના પાત્રોની વાત છે?

....................................................................................................

૨. રામાયણમાં માંડવી કોની પુત્રી અને કોની પત્ની હતાં?

....................................................................................................

૩. મહાભારતમાં વિકર્ણ કોનો પુત્ર અને ભાઈ હતો?

....................................................................................................

૪. માંડવીના કાનમાં ચૌદ વર્ષના અંતરાલ પછી કોનો અવાજ મધ રેડાયો?

....................................................................................................

૫. દ્રૌપદીના ચીરહરણ સમયે કૌરવોની ભરી સભામાં કોણ મૌન હતા?

....................................................................................................

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો અથવા નીચે આપેલા વિધાનો સાચા છે કે ખોટા તે નક્કી કરી 'સાચું' અથવા 'ખોટું' લખો. [૫ ગુણ]**

(એકોક્તિ, ધર્મસંકટ, દ્વિરુક્તિ, અયોધ્યા, હસ્તિનાપુર)

૧. આ એકમમાં પાત્રોની __________ આપવામાં આવી છે.

૨. માંડવી રઘુવંશના યશસ્વી રાજા દશરથની પુત્રવધૂ હતાં. [ ]

૩. વિકર્ણ કૌરવોના પક્ષે હોવા છતાં પાંડવોના હિતેચ્છુ હતા. [ ]

૪. વિકર્ણ પોતાના __________ માંથી ઉગરી શક્યો નહીં.

૫. વિકર્ણ ___________ ની ભરી સભામાં સત્ય બોલ્યો.

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડ (એકોક્તિ) ને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

જનક રાજાની આજ્ઞાથી અમારાં ચાર પિતરાઈ બહેનોનાં લગ્ન એક જ પરિવારમાં કરવામાં આવ્યાં. જાન ઘેર આવી ત્યારે રાજા દશરથે જે આનંદ વ્યક્ત કર્યો હતો તે અવર્ણનીય હતો. ચારે પુત્રવધૂઓને તેમનું પહેલવહેલું મંગળ પગલું શુભ સોહાગન તરીકે ઘરમાં પડ્યું ત્યારે અમારું ભવિષ્ય કેટલું સુખરૂપ હશે તેવી કલ્પના સુદ્ધાં નહોતી. ત્યાં તો વિધિએ વક્રગતિ આદરી. અચાનક વજ્રાઘાત થયો. જે રામને યુવરાજપદ મળવાનું હતું તેમને ચૌદ વર્ષનો વનવાસ અને ભરતને રાજ્યગાદી ! મને ભરત માટે રાજ્યગાદીની કોઈ ખુશી નહોતી. ભાઈ રામ વનવાસ જાય ને મારી બહેન સીતા પણ સાથે જાય ત્યાર પછી મને કઈ રીતે ચેન પડે ?

૧. જનક રાજાની આજ્ઞાથી કોના લગ્ન એક જ પરિવારમાં થયા?

....................................................................................................

૨. જાન ઘેર આવી ત્યારે રાજા દશરથે કેવો આનંદ વ્યક્ત કર્યો હતો?

..........................................................................................................................................

૩. રાજા દશરથની પુત્રવધૂઓના ઘરમાં પગલાંને કેવા ગણાવ્યા છે?

..........................................................................................................................................

૪. વિધિએ કઈ વક્રગતિ આદરી? .................................................................................

૫. ભાઈ રામ અને બહેન સીતા વનવાસ જાય પછી માંડવીને કેમ ચેન નહોતું પડતું?

..........................................................................................................................................

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો.** **[૫ ગુણ]**

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

**કાનમાં મધ રેડાવું:**

**અર્થ:** **વાક્ય:**

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

***એક જ વ્યક્તિ દ્વારા બોલવામાં આવતું લાંબુ વક્તવ્ય:**

**૩. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

***વ્યથા:** ***અંતરાલ:**

**૪. પાઠમાં 'ઢોરઢાંખર' શબ્દ વપરાયો છે. આ શબ્દ કયા પ્રકારનો શબ્દ પ્રયોગ છે? તેનો અર્થ સમજાવો.**

..........................................................................................................................................

**૫. નીચેના શબ્દોમાંથી રવાનુકારી શબ્દ શોધીને લખો.**

**વક્રગતિ, ખડખડાટ, મનસૂબો, આર્ષ--------..................................................................**

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.** **[૫ ગુણ]**

૧. માંડવી અને વિકર્ણ બંને પોતપોતાના સ્થાને કેવા ધર્મસંકટનો અનુભવ કરે છે? તેમની પરિસ્થિતિની સરખામણી કરો.

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

૨. દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે વિકર્ણે કૌરવોની સભામાં જે કર્યું, તેના પર તમારો અભિપ્રાય આપો. તેના કૃત્યનું શું મહત્વ છે?

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................